# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૩.૦૭.૨૦૧૮

--------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં**
**આવતીકાલે પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ્” ખાતે પ્રદેશ બેઠક યોજાશે**

--------------------

**પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે**

--------------------

પ્રદેશ ભાજપા મીડીયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ્” ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક રાખવામાં આવેલ છે. જે ભોજન બાદ બપોરે ૨.૦૦ કલાકે શરૂ થશે અને સાંજ સુધી ચાલશે. આ પ્રદેશ બેઠકમાં અત્યાર સુધી થયેલી કામગીરી તથા કાર્યક્રમોની સમીક્ષા, આગામી કાર્યક્રમો બાબતે ચર્ચા-વિચારણા તેમજ સંગઠનાત્મક બાબતો વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

આ પ્રદેશ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓ તેમજ જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ ઉપસ્થિત રહેશે.

આ બેઠક અગાઉ સવારે ૧૧.૦૦ કલાકે પ્રદેશના મુખ્ય આગેવાનોની બેઠક યોજાશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૨૩.૦૭.૨૦૧૮

--------------

**૧૫માં નાણાંપંચની ગુજરાત રાજ્યની મુલાકાત દરમ્યાન**
**ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા વધુ ફંડ ફાળવવા રજૂઆત**

--------------

પ્રદેશ ભાજપા મીડીયા સેલની યાદી જણાવે છે કે, આજે ૧૫મા નાણાંપંચ દ્વારા ગુજરાત રાજ્યની મુલાકાત દરમ્યાન ભારતીય જનતા પાર્ટી તરફથી પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી આઈ.કે.જાડેજા, ગુજરાત રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષશ્રી નરહરીભાઈ અમીન તેમજ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરેમનશ્રી ધનસુખભાઈ ભંડેરીએ રજૂઆત કરેલ. તેમજ ૧૫મું નાણાંપંચ જ્યારે ગુજરાત આવ્યું છે ત્યારે ભારતીય જનતા પાર્ટી વતી કેટલીક રજૂઆતો રાજ્યના વિકાસના હિત માટે કરેલ.

ગુજરાત રાજ્ય પ્રગતિશીલ રાજ્ય છે અને વિકાસની અનેક હરણફાળ ભરેલ છે. દેશના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી વિકાસના માટે ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બનેલ છે, ત્યારે નીચે મુજબના મુદ્દાઓ માટે રાજ્યના વધુ વિકાસ માટે વધુ ફંડ ફાળવવા રજૂઆત કરેલ છે.

**૧.** ગુજરાતની વસ્તી દેશના ૫ % ટકા જેટલી છે તેવા સમયે રાજ્યને પંચ દ્વારા થતી ફાળવણીનો હિસ્સો વસ્તીના પ્રમાણમાં વધારવો જોઈએ.

**૨.** ગુજરાત રાજ્યમાં શહેરીક્ષેત્રની વસ્તી ૪૪% જેટલી છે અને અર્બન પેરેફેરી વસ્તી ૫૪% જેટલી છે જે શહેરીકરણને ધ્યાનમાં રાખીને ગુજરાતને વધુ ફાળવણી કરવી જોઈએ.

**૩.** ગુજરાત સરહદી રાજ્ય છે. રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને રાખી સરહદ નજીકના ક્ષેત્રોમાં આંતરમાળખાકીય સુવિધા વધારવા માટે વિશેષ નાણાંકીય ફાળવણી કરવી જોઈએ.

**૪.** ગુજરાત વિકાસની દ્રષ્ટિએ શ્રેષ્ઠ હોવાથી તેમજ તેનો આર્થિક ગ્રોથ વધુ સારો હોવાથી કેન્દ્રના હિસ્સામાં ઈન્કમટેક્ષ કે જી.એસ.ટી. અન્ય રાજ્યોની સરખામણીમાં વધુ આપે છે. જે ધ્યાનમાં લઈને ગુજરાતને વિશેષ ફાળવણી કરવી જોઈએ.

**૫.** ગુજરાત ૧૬૦૦ કી.મી. જેટલો દરિયાકાંઠો ધરાવે છે. જેના કારણે ગુજરાતમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના શ્રેષ્ઠ બંદરો આવેલા છે. જેનો ઉપયોગ સમગ્ર દેશના મોટાભાગના રાજ્ય કરી રહ્યા છે. જેના આંતરમાળખાકીય વિકાસ માટે ફાયનાન્સ કમિશન દ્વારા રાજ્યને વિશેષ ફાળવણી કરવી જોઈએ.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ